# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी, वेरावलम्
# सत्रान्तपरीक्षा एप्रिल - २०१६

| | | |
|---|---|---|
| कक्षा – शास्त्री-३ (SEM-6) | **प्रश्नपत्रम् – ३** | गुणाः - ७० |
| विषयः – સમાજશાસ્ત્ર | **GB-3.6.6** | समयः – ११ तः २ |
| दिनाङ्कः – १९/०४/२०१६ | सन्दर्भग्रन्थः– ગ્રામીણ અને નગર સમાજશાસ્ત્ર | |

---

**વિભાગ-૧**

**પ્રશ્ન-૧** **કોઇ પણ એકનો વિસ્તૃત જવાબ આપો.** **૧૫**

(૧) ગ્રામીણ ગરીબાઈના કારણો તથા તેના નિવારણ માટેના કાર્યક્રમો દર્શાવો.

(૨) નગર સમાજમાં ગંદા વસવાટનું સ્વરૂપ સમજાવી તેના કારણો તથા ઉકેલની ચર્ચા કરો.

**પ્રશ્ન-૨** **નીચેનામાંથી કોઇ પણ બેના સપ્રમાણ જવાબ આપો** **૨૦**

(૧) નગરમા ગંદા વસવાટનું સ્વરૂપ અને પરિણામનું આલેખન કરો.

(૨) ગુનાના પ્રકાર વર્ણવીને ગુનાખોરીનાં કારણો દર્શાવો.

(૩) ગ્રામીણ સામાજિક સંગઠનની વિગતવાર વિવેચના કરો.

(૪) સ્થાનિક સ્વશાસન પાછળના પરિપ્રેક્ષ્યો સમજાવો.

**પ્રશ્ન-૩** **ટૂંકનોંધ લખો.** **૧૦**

(૧) ભારતમાં ગ્રામીણ દેવાની વ્યાખ્યા અને તેનાં સ્ત્રોત

(૨) કૃષિ અશાંતિ અને કિસાન ચળવળો.

(૩) ગુનાખોરીથી સમાજ ઉપર થતી વિપરીત અસરો.

(૪) ગ્રામપંચાયતનાં કાર્યો, વહિવટી સત્તા અને ફરજો.

**પ્રશ્ન-૪** **કોઈપણ બે ના મુદ્દાસર જવાબ આપો** **૧૫**

(૧) બેરોજગારીની વ્યાખ્યા અને તેના કારણોની વિવેચના કરો.

(૨) ગ્રામીણ તથા નગરીય વિસ્તારોમાં પર્યાવરણ તથા આરોગ્ય સંબંધિત પ્રશ્નોની ચર્ચા કરો.

(૩) ગ્રામીણ વિકાસનો અર્થ સ્પષ્ટ કરી ખેતી સંબંધી પ્રશ્નોની છણાવટ કરો.

(૪) વેશ્યાવ્યવસાયનો અર્થ, વ્યાપ અને અસરોની રૂપરેખા આપો.

**વિભાગ-૨**

**પ્રશ્ન-૫** **નિચેના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.** **૧૦**

૧. ભારતમાં ગ્રામીણ વિકાસનો ખ્યાલ .................સાથે સંબંધિત રહ્યો છે.

(અ) કૃષિ વિકાસ (ક) ઉદ્યોગ વિકાસ

(બ) કુટીર ઉદ્યોગ વિકાસ (ડ) ગૃહ ઉદ્યોગ વિકાસ

૨. ભારતીય નગરોમાં વધુ વ્યાપક અને તીવ્ર સમસ્યા-

(અ) પાણીની સમસ્યા (ક) ભોજનની સમસ્યા

(બ) ગુનાખોરીની સમસ્યા (ડ) હડતાલની સમસ્યા

૩. અહીં મહાનગરપાલિકા નથી-

(અ) જૂનાગઢ (ક) અમદાવાદ

(બ) સુરત (ડ) વેરાવળ

૪. વેશ્યાવ્યવસાયને નિયંત્રિત કરતો કાયદો, સરકાર દ્વારા કઇ સાલમાં અમલમાં મૂકવામાં આવ્યો ?

(અ) ૧૯૪૫ (ક) ૧૯૪૭

(બ) ૧૯૫૬ (ડ) ૧૯૭૪

૫. ભારતનું દરેક ગામ સંપૂર્ણ ગણરાજ્ય હોય તેવું કોણ ઇચ્છતા હતા ?

(અ) જવાહરલાલ નેહરુ (ક) લાલ બહાદુર શાસ્ત્રી

(બ) સરદાર પટેલ (ડ) ગાંધીજી

૬. ગ્રામપંચાયતનું એક રચનાતંત્રીય અંગ-

(અ) બાંધવા સમિતિ (ક) કારોબારી સમિતિ

(બ) લોકસભા (ડ) નગર સમિતિ

૭. જમીનદારી તથા રૈયતવારી પ્રથાને કારણે ખેડૂતો -

(અ) સ્વાવલંબિત બન્યા (ક) સમૃદ્ધ બન્યા

(બ)જમીન વિહોણા બન્યા (ડ) જમીનના માલિક બન્યા

૮. ગુજરાત પંચાયત ધારાની જોગવાઇ અનુસાર............સુધીની વસતીવાળા ગામ માટે ગ્રામપંચાયતની રચના કરવામાં આવી છે.

(અ) ૧૫૦૦૦ (ક) ૭૦૦૦

(બ) ૩૦૦૦ (ડ) ૨૫૦૦૦

૯. ગ્રામપંચાયતના મંત્રીના કાર્યો તથા ફરજો-

(અ) પંચાયતના દફતરો અને રજિસ્ટરોની જાળવણી કરવી.

(બ) ન્યાયપંચાયતની ગેરહાજરીમાં ન્યાયપંચ તરીકેની ફરજ બજાવવી.

(ક) ગ્રામપંચાયતનું બજેટ યોગ્ય સમયે તૈયાર કરાવવું.

(ડ) ગ્રામપંચાયતની બેઠકોમાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવવી.

૧૦. નગર પાલિકાની મુદ્દત ................વર્ષની હોય છે.

(અ) ૩ (ક) ૧૦

(બ) ૫ (ડ) ૨

***